જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૩/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૪૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૨૯/૨૦૨૬**

ક્રાઈમ બ્રાન્ચઃ શિખર મનોજકુમાર ટિબરેવાલ (ઉ.વ.૩૨) (રહે.આરોહિ ક્રેસ્ટ સાઉથ બોપલ) એ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૩ થી તા.૧૯/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ કલોથ માર્કેટ દુકાન નંબર–૦૫ ખાતેથી એમ.પી.ટ્રેડર્સ" ના માલીક (૧) પ્રદિપ મેઘાણી તથા "એમ.પી.ટ્રેડર્સ" ફર્મમા માલ પરચેસ કરનાર તથા અધિકૃત સહી કરનાર (૨) મકસુદઅહેમદ અબ્દુલહામીદ ડોઈ તથા "સનમ એન્ટરપ્રાઈઝ" ના માલીક (૩) સોબરાતી દેવાન (રે. નાગોરી એસ્ટેટ બીઆરટીએસ વર્કશોપ પાસે ચંડોળા લેક, રહેણાંક સરનામુ વોર્ડ નં.૭ સરીયા બજાર સરીયાખાસ ઈસ્ટ ચાંપાનેર બિહાર) તથા દલાલ "નિરજ ટેક્ષટાઈલ એજન્સી" ના માલીક (૪) નિરજ ઘનશ્યામભાઈ કાંધારી (રે.૧૯૧ માળીયામાં ન્યુ કલોથ માર્કેટ રાયપુર) એ ભેગા મળી ઉધારીમાં શર્ટીંગ કાપડની ખરીદ કરીને માલનુ પેમેન્ટ ૯૦ દિવસમાં ચુકવવાની ખાતરી ભરોસો આપી વાયદા મુજબ બાકી નિકળતા રૂપિયા ૨,૭૧,૮૦,૯૭૪/– નહી ચુકવી શિખર ટિબરેવાલ તથા સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૩૩૦/૨૦૨૬**

દાણીલીમડાઃ કિંજલભાઇ સુરેશભાઇ શાહ (ઉ.વ.૪૯) (રહે. દેવછાયા સોસાયટી મયુર હાઇસ્કુલ સામે નારણપુરા) એ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બહેરામપુરા, ગુલાબનગર, જુના સોમનાથ મહાદેવ મંદિર રોડ, ગુરુદેવ એસ્ટેટમાં ભરતકુમાર એન્ડ કંપનીમાં કામ કરતા કર્મચારી મનોજકુમાર સત્યપ્રકાશ પટેલ તથા તેની સાથેના કેટલાક માણસોએ ભેગા મળી તા.૨૭/૦૨/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી કલાક તા.૦૩/૦૩/૨૦૨૬ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કંપનીના ગોડાઉનના શટરનું તાળું ચાવીથી ખોલી ગોડાઉનમાંથી ડાઇંગ તથા પ્રિન્ટીંગ કામ કરેલ અલગ–અલગ પ્રકારનું કાપડ કિમત રૂપિયા ૩૬,૬૬,૦૪૪/– ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.મનાત ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૩૧/૨૦૨૬**

"કે" ટ્રાફીક પો.સ્ટે. (૧):– ઇમદાદુલ સ/ઓ ચાંદભાઇ શેખ (ઉ.વ.૧૬)(રહે.ગણેશનગરના છાપરા ટોરેંટ પાવર હાઉસની સામે, પીપળજ નારોલ રોડ) તા.૦૫/૦૩/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પીપળજ પીરાણા રોડ રામભાઇની ચા ની કીટલી સામે રોડ ઉપર પોતાના મિત્ર સમીરની એક્ટીવા પાછળ બેસી પસાર થતો હતો ત્યારે બસ નંબર એ.આર.૦૧.એસ.૩૦૦૩ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી એક્ટીવાને ટક્કર મારતા મિત્ર સમીરને શરીરે ઇજાઓ થયેલ અને ઇમદાદુલ શેખ બસના ટાયર નીચે આવી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણ જનાર ઇમદાદુલના પિતા ચાંદભાઇ સમદભાઇ શેખ નાઓએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

"કે" ટ્રાફીક પો.સ્ટે. (૨):– વિરાભાઇ મગનભાઇ સોલંકી (ઉ.વ.૪૯)(રહે.બનુ માસ્તરનુ ડહેલુ બહેરામપુરા) તા.૦૫/૦૩/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે બહેરામપુરા વસંત રજબ ચાર રસ્તા ખાતે રોડ ક્રોસ કરતી વખતે એક બસ નંબર જીજે.૧૮.ઝેડ.ટી.૨૮૨૧ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી વિરાભાઇને ટક્કર મારતા બસના ટાયર નીચે આવી જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ વિરાભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મરણ જનાર વિરાભાઇ ના ભાઇ સુરેશભાઇ સોલંકી એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૩૨/૨૦૨૬**

માધવપુરાઃ તા.૦૩/૦૩/૨૦૨૬ રાતનાં ૦૩/૦૦ વાગ્યાના સુમારે હનુમાનપુરા બી.આર.ટી.એસ.સ્ટેન્ડ નજીક નમકીન બનાવવાના કારખાનામાં શોર્ટ સર્કીટના લીધે આગ લાગતા કૈલાશભાઈ રામલાલ વણજારા (ઉ.વ.૩૪) (રહે. આવકાર ફુડ્સ મહેશ્વરી ઇન્ડ્સ્ટ્રીયલ એસ્ટેટ હનુમાનપુરા માધવપુરા) નાઓ દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૩/૨૦૨૬ કલાક ૦૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ડી.એમ.મહિડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૩૩/૨૦૨૬**

વાડજઃ વિપુલકુમાર રામુભાઈ પટેલ (ઉ.વ.૪૯) (રહે. આસ્થા ઓપલ સહજ હાઈટ્સની બાજુમાં અખબારનગર નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૩/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

મેઘાણીનગરઃ હસમુખ રમેશભાઈ પરમાર (ઉ.વ.૩૧) (રહે. બ્લોક ૯૭/૨૧૦૭ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોડીયાર માતાના મંદિર પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૩/૨૦૨૬ રાતના ૦૦/૦૦ થી સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી